# વર્તમાનમાં હોવ તો જ પ્રસન્ન રહી શકશો..


## વરસવુ હોય એ વરસે તે પછી સરનામા ન પુછે... તુષાર શુકલ : પ્રેમ અને દામ્પત્ય બન્ને જુદા છે : વર્તમાનમાં જ મોજમાં રહેવાય : પારદર્શકતા એ જ પ્રસન્નતા : કલ્ચરલ ફોરમ દ્વારા પ્રસન્નતા પર્વની ઉજવણી અન્વયે વરસતા વરસાદમાં ટાઉનહોલમાં નિષ્ણાંત વક્તાઓએ શ્રોતાઓને પ્રસન્નતાથી ભીંજવ્યા

*સેવામાં જ સાચી પ્રસન્નતા છે.. વર્તમાનમાં હોઉ તો જ પ્રસન્ન રહેશો...વર્તમાનમાં જ મોજ છે...ધ્યેય વિનાનુ જીવન જીવવુ તેનો કોઇ આધાર નથી...આ જગતમાં હેતુ વિના ન હોય હેત..સ્ત્રી એટલે શોર્ય..જેમ દામ્પત્ય આગળ વધતુ જાય તેમ વધુ સમૃધ્ધ થતુ જાય..તમને મજા આવે અને જીવી શકો એ છે પ્રસન્ન દામ્પત્ય..પ્રેમ એ લગ્ન સાથે બદલાઇ જાય છે પુરો નથી થતો..તે જુદી જવાબદારી જુદા સ્વરૂપે આપે છે...પતિ જો પ્રેમી થઇ જાય તો દામ્પત્યજીવનની અડધી મુશ્કેલીઓનો હલ આવે.. દામ્પત્યનનુ નામ જ સહનશીલતા છે...પ્રેમ અને દામ્પત્ય જુદુ છે..વરસવુ હોય એ પછી વરસે પછે સરનામા ન પુછે.. જે રંગ વિશે સમંત નથી.. તે ઉમંગ ક્યાંથી કરવાના કલ્ચરલ ફોરમના રજત જયંતિ વર્ષ અન્વયે આયોજિત પ્રસન્નતા પર્વની ઉજવણી સંદર્ભે યોજાયેલા કાર્યક્રમમાં જાણીતા વકતાઓએ પ્રસન્ન રહેવા માટેના ઉમદા તારણો અને વિચારો રસપ્રદ શૈલીમાં રજુ કર્યા હતા. મન પ્રસન્ન થાય તો જીવન પણ પ્રસન્ન થાય.. નગરમાં પણ પ્રસન્નતા પ્રસરતી રહે.. આજના ભાગદોડ અને તણાવયુક્ત કાળમાં કોઇ ડગ કેનાલ તરફ મંડરાતા અટકે..પંખે લટકતા અટકે.. સામાજિક જીવન તંદુરસ્ત અને આનંદિત બને તેવા પ્રયાસરૂપે કલ્ચરલ ફોરમે આ દિશામાં નવતર પ્રયાસ હાથ ધર્યો છે. પ્રસન્ન પાટનગર વિકસિત કરવાના ઉમદા આશય સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં વરસતા વરસાદમાં પ્રકૃતિએ પણ આજે પ્રસન્નતા વ્યકત કરી હતી ત્યારે શ્રોતાઓથી છલોછલ ભરેલા ટાઉનહોલમાં ખડખડાટ હાસ્ય વચ્ચે સૌ પ્રસન્નતાથી ભીંજાયા હતા. આ તબક્કે કલ્ચરલ ફોરમના ૨૫ માં વર્ષની ઉજવણી અંગે થીમ સોંગ પણ રજુ કરાયુ હતુ.*

### સેવા કરવાથી જ સાચી પ્રસન્નતા મળે છે - ભૂપેન્દ્રસિંહ ચુડાસમા




સેવા એ જ પ્રસન્નતા વિષય પર શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે સાચી પ્રસન્નતા સેવામાં છે કાંઈ પણ મેળવવા કે ભોગવવામાં જેટલી ખુશી નથી મળતી તેટલો આનંદ ત્યાગમાં મળે છે. અનેક સેવાભાવી આગેવાનો એનજીઓ સેવાના ઉમદા કાર્યો કરે છે ત્યારે કોઈ પણ પ્રકારની પ્રસિધ્ધિ વગર નિજાનંદનો અહેસાસ કરે છે. આ તબક્કે તેમણે પ્રસિધ્ધી મેળવવાની ખેવના વગર કોઈ પણ એક સેવા સંકલ્પમાં જોડાવવા પણ શ્રોતાઓને જણાવ્યું હતું. ગાંધીનગર કલ્ચરલ ફોરમે શહેરમાં સેવા અને સંસ્કૃતિનો અનોખો સમન્વય રચ્યો છે.



### વર્તમાનમાં જ મોજ છે - ભીખુદાન ગઢવી

મોજમાં રહેવું રે મોજમાં રહેવું વિષય પર જાણીતા લોકસાહિત્યકાર ભીખુદાન ગઢવીએ જણાવ્યું હતું કે માણસો થોડાજ હોય અને સમજણ પણ થોડામાં જ હોય. બધા મનના જ ખેલ છે. તમે જો વર્તમાનમાં રહેશો તો જ પ્રસન્ન રહેશો. જો સંસારને લીલો રાખવો હોય તો તો મોહમાયા મુકવી પડે અને આ જગતમાં હેતુ વિના હેત હોય જ નહીં. ધ્યેય વિનાનું જીવન જીવવું તેનો કોઈ આધાર જ નથી. વરસાદ વરસે છે તો એ ઈશ્વરી જ કૃપા છે માણસની નથી. જીવન જંજાળ નથી જીવન તો જીવવા જેવું છે. જે જીવે છે તે મરે તો છે જ અને દોષનો ટોપલો ન ઢાલવવો.

'પાંચ મિત્રો ખોટા કર્યા હોય તો આપણો વાંક, પણ પાંચ સગાવ્હાલા ખોટા હોય તો એ તો વારસામાં મળ્યા છે ને!!'

'કામ પણ કયાં ના કહી દે છે જો કરવું હોય તો, બુધ્ધિ એ કયાં ના કહી દે છે જો અનુસરવું હોય તો.'

'અહંકાર મુકીશું તો સૌને પ્રેમ કરી શકીશું.'

### પારદર્શકતાને સૌથી વધુ નડતી વસ્તુ ડર છે - ડો. માર્ગી હાથી



પારદર્શકતા જ પ્રસન્નતાનો પાયો છે તે વિષય પર ડૉ. માર્ગી હાથી એ જણાવ્યું હતું કે, આજની સ્ત્રી જેની પાસે પોતાની આવક છે તેને માંગવાની કયાં જરૂર જ છે? માંગે તો એ એની પાસે જે તેનાથી સામર્થ્ય વાન હોય અને માંગણીની અસમજણ પ્રણયમાંથી પ્રલયમાં થાય છે. તેમણે પારદર્શકતા વિશે જણાવ્યું હતું કે, મિત્ર સાથે પારદર્શકતા સાચા અર્થમાં હોય તેની સામે તમે જે ના બોલો એ પણ તે સમજે તમારા ચહેરાને એ જ ઉકેલે તમારા શરીરની ભાષાથી એ ઘણું સમજી જાય. મિત્ર એ તમારા અંતર સોંસરવો ઉતરી શકે છે. આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે શ્રાવણમાં આકાશમાંથી ફરકતું ફોરૂ એનાથી મોટું કાંઈ જ નથી એ જીલે એ પોતાનામાં અપનાવે છે. 'પારદર્શકતા ને સૌથી વધુ નડતી વસ્તુ ડર છે'. હું જે કરું છું એ નહિ હું જે કહું છું તેમ કરો એવું કૃષ્ણ એ કહ્યું હતું કારણ કે ઘણીવાર દરેકનું કહેવું અને કરવું એ અલગ અલગ હોઈ શકે. તેમણે અમૃતા પ્રિતમ અને ઈમરોજના દ્દષ્ટાંત દ્વારા પ્રેમ, પ્રકૃતિ, પ્રવૃત્તિ અને પ્રસન્નતાના ચાર આયામની રજૂઆત કરી હતી.


### એને દુઃખ ન પહોંચે તેવી તમામ સુવિધા પુરી પાડવી એ પ્રસન્ન દાંપત્ય - કાજલ ઓઝા વૈદ્ય




પ્રસન્ન દાંપત્ય જીવન વિષય પર જાણીતા લેખિકા અને વકતા કાજલ ઓઝા વૈદ્ય એ ખૂબ જ નિખાલસતાથી સૌને જણાવ્યું હતું કે આપણે બધા પ્રેમની પરિકલ્પનામાં જીવીએ છીએ. પ્રસન્ન દાંપત્યજીવનમાં ઈકવાલીટીની વાત બહુ જ આવે છે. સૂરજ ઉગેને પ્રેમ આવે ને એ જ ખાસ દિવસ. બે લોકો સાથે વૃધ્ધ થાય ને તેનાથી મોટું કાંઈ જ ન હોય. અને તે સાથે બંને એ વ્હાલ વૃધ્ધ, વય વૃધ્ધ, સ્નેહ વૃધ્ધ, સંબંધ વૃધ્ધ થવાનું પણ છે. શાબ્દિક અનુભૂતિને બદલે આંતરિક અનુભૂતિ જ સાચી પ્રસન્નતા આપી શકે. આજે આપણી અભિવ્યકિતઓ કૃત્રિમ થઈ ગઈ છે દરેકને ભેટથી મતલબ છે ભાવથી નહિ.

- જેમ દાંપત્ય આગળ વધતું જાય તે તેમ વધુ સમૃધ્ધ થતું જાય.
- દાંપત્ય જીવનમાં મજા આવે તો જ તેમાં જીવ્યા કહેવાય.
- બીજાના સંબંધો જોઈને આપણા ન બનાવવા જોઈએ.
- માણસને ઓળખવા માટે તેનો ફોટો જોવો એનાથી કાંઈ નહીં થાય તેને ઓળખવા માટે પૂરેપૂરો દરેક બાજુથી જોવો અને સમજવો પડે છે. લાંબા પહોળા માણસા સાથે જીવવા કરતા ઊંડા માણસ સાથે જીવવું ઉત્તમ છે. આ સાથે તેમણે જણાવ્યું હતું કે સ્ત્રી આધુનિક થઈ છે પુરુષ તેની આધુનિકતા સાથે કદમ મીલાવી શકતો નથી.

### બે જણ વચ્ચેનો સંવાદ પ્રસન્નતાની મૂળ ચાવી છે - તુષાર શુકલ




સંવાદ પ્રસન્નતાનો સ્રોત છે તે વિષય પર જાણીતા કવિ અને વકતા તુષાર શુકલ એ ખૂબ જ સહજતાથી કાર્યક્રમમાં કહેવાયેલી દરેક બાબતો જયાં જેને પોતાના ઘર પરિવારમાં લાગુ પડી શકે હોય તેમ જ અનુસરવી તેવી તાકીદ કરતા જણાવ્યું હતું કે, દાંપત્યનું નામ જ સહનશીલતા છે. સહજતાથી સ્વિકારો તો બીનજરૂરી નીકળી જશે બાકી સરળતાથી જળવાતું જશે. પ્રેમ અને દાંપત્ય બંને જુદુ છે. પ્રેમમાં પડાય ઉડાય, દાંપત્યમાં સ્નેહ સાથે સ્નિગ્ધતા આવે જેમાં ફિકશન ઘટે અને ગતિ વધે અને વ્હાલ તો વરસવું હોય એ વરસાવે એ પછી સરનામા ન પૂછે. અને જે દાંપત્ય જીવન દરમિયાન 'એક રંગ વિશે સંમત નથી તે ઉમંગ કયાંથી કરવાના?' કવિ તુષાર શુકલએ પોતાની રસપ્રદ શૈલીમાં દાંમ્પત્યજીવનની પ્રસન્નતા જાળવવાના સહેલા ઉપાયો જણાવતા કહ્યું કે, એકમેક માટેની સમજણ પ્રસન્ન દાંમ્પત્યજીવનની પ્રાથમિક શરત છે. સતત સંવાદ જળવાવવો જોઈએ.




આ તબક્કે કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાંએ જણાંવ્યુ હતુ કે પ્રકૃતિએ પણ આજે પ્રસન્નતા વ્યકત કરી છે. ત્યારે પ્રસન્નતાથી છલકાય તેવુ નગર બને .પ્રસન્ન પાટનગર વિકસિત કરવાનો ઉમદા આશય છે. સંસ્થા દ્વારા માત્ર સાંસ્કૃતિક પ્રવૃતિ જ નહીં પરંતુ વૈચારિક આંદોલન આવે માણસ માણસ બને પોલીસ સ્ટેશન નિષ્ક્રીય થાય..કોર્ટ કેસ ન થાય..આજનો યુવાન કેનાલ તરફ ડગ માંડતો અટકે અને પંખે ન લટકે તે માટે સમાજજીવનની તંદુરસ્તી અને પ્રસન્નતાને સતત પ્રસરતી રાખવા પ્રયાસ આરંભાયો છે. વર્ષ દરમિયાન અલગ અલગ ક્ષેત્રના ૨૫ તજજ્ઞો પ્રસન્નતા અંગે પ્રકાશ પાથરશે. ત્યારે શહેરમાં સતત પ્રસન્નતા છલકાય તેવી પરિસ્થિતિ નિર્માણ કરવા સંસ્થા પ્રયાસરૂપ હોવાનુ પણ તેમણે જણાંવ્યુ હતુ.



## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




નજીકમાં ક્યાંક સ્માર્ટ સિટી મળી જાય તો ત્યાં કદાચ બોટ મળી જાય...

# પેથાપુર ચોકડીથી એલસીબી પોલીસે હત્યાના બે આરોપીઓને ઝડપી પાડ્યા

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના યુવકની હત્યા સુરેન્દ્રનગર જિલ્લાના મુળીના જશાપર ગામે થઈ હતી. ગાંધીનગર એલસીબી પોલીસે આ ગુનાના બે આરોપીઓને પેથાપુર ચોકડી પાસેથી ગતરોજ રાત્રીના સુમારે પકડી પાડ્યા હતા. પોલીસે બંન્ને આરોપીને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ મુળ દેત્રોજના શિહોર ગામના અને ગાંધીનગર શહેરના સેકટર-૧૪ ખાતે કાકા સાથે રહેતા યુવક લલિતની હત્યા બાદ એક આરોપી હર્ષદ ઠાકોરને સુરેન્દ્રનગર પોલીસે પકડી પાડ્યો હતો.

જો કે બીજા બે આરોપીઓ ભાગી ગયા હતા. હત્યા બાદ આરોપીઓ નજીકના રેલ્વે સ્ટેશન ખાતે પહોંચ્યા હતા. પરંતુ પોલીસને જોઈને તેઓ રેલ્વે સ્ટેશનથી તેઓ ત્યાંથી ભાગી છુટ્યા હતા અને નજીક આવેલા ખેતરમાં કલાકો સુધી સંતાઈને બેસી રહ્યા હતા.ત્યારબાદ તેઓ એક બોર પર પહોંચ્યા હતા અને કપડાની સફાઈ કરી હતી. બંન્ને પાસે મળીને રૂ.૫૦૦ થી ૭૦૦ હતા. જેથી તેઓ ડાલામાં બેસીને ગાંધીનગર ખાતે પહોંચ્યા હતા. ત્યારે ગાંધીનગર એલસીબી-૨ના ઈન્ચાર્જ પીઆઈ વાય.જે.રાઠોડને આરોપીઓ ગાંધીનગર આવ્યા હોવાની બાતમી મળી હતી. જેને પગલે બંન્નેને રાત્રે ૩ વાગ્યાના અરસામાં પેથાપુર ચોકડીથી પકડી પાડ્યા હતા. જેમાં કુલદિપસિંહ દિપકસિંહ મકવાણા (રહે.સે-૨૦ પ્લોટ નં.૬૧૮ વાસ્તુનિર્માણ સોસાયટી) અને નરેન્દ્રસિંહ જયેન્દ્રસિંહ વાઘેલા ( રહે.વાઘેશ્વરી પાર્ક સોસાયટી, પેથાપુર) નો સમાવેશ થાય છે. બંન્ને આરોપીઓને પેથાપુર પોલીસને એલસીબી પોલીસે સોંપ્યા હતા. જયારે શનિવારના રોજ મોડી સાંજે મુળી પોલીસને બંન્નેનો કબ્જો સોંપાયો હતો જેને પગલે પોલીસે પોલીસે વધુ તપાસ શરુ કરી હતી.

## લાકરોડા-કરાઈ સાયફનમાંથી પાણી છોડાયુ : સંત સરોવરમાં રાત્રે પાણી આવવાની સંભાવના

ગાંધીનગર, તા. ૧૦

લાકરોડા વિયરમાંથી આજે સવારે ત્રણ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવ્યુ હતુ. સાબરમતી નદીના ઉપરવાસમાં થયેલ વરસાદ અને જિલ્લામાં પણ થયેલ વરસાદને કારણે આ પાણી છોડવામાં આવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે સાંજે સાત વાગે આ પાણી સાદરા નજીક પહોંચ્યુ હતુ. લાકરોડા વિયરમાંથી પાણી સાંજે ૨૭૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યુ છે. આજે મોડી રાત્રે આ પાણી સંત સરોવર પહોંચશે તેમ મનાઈ રહ્યુ છે.

કરાઈ નજીક આવેલ નર્મદા સાયફનમાંથી ૬૫૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યુ છે. નર્મદામાં જળસપાટી વધતાં પાણી છોડવામાં આવ્યુ છે. સાયફનમાં પણ નવા પાણીની આવક થતાં આ પાણી છોડવામાં આવતાં સાબરમતી નદી અને કેનાલોમાં પાણીની આવક વધવા પામી છે.

# મુખ્યમંત્રી આજથી રશિયાના ત્રિ-દિવસીય પ્રવાસે જશે

ગાંધીનગર, તા. ૧૦

મુખ્યમંત્રી વિજયભાઈ રવિવાર, તા.૧૧ ઓગષ્ટથી ત્રણ દિવસ માટે રશિયાના પ્રવાસે જઇ રહ્યા છે.

ભારત સરકારના વાણિજય અને ઊદ્યોગ મંત્રાલય દ્વારા રશિયાના વાલ્ડીવોસ્ટોક-ફ્ક્ષ્ક્ષ્કૈર્દૃર્જાનો આ પ્રવાસ રશિયા-ભારત વચ્ચે વેપાર ઊદ્યોગ જોડાણ અને સહભાગીતાના પ્રોત્સાહન સંબંધોના હેતુસર યોજવામાં આવ્યો છે.

કેન્દ્રીય વાણિજય અને ઊદ્યોગમંત્રી પિયુષ ગોયલની આગેવાનીમાં રશિયા પ્રવાસે જનારા આ પ્રતિનિધિ મંડળમાં ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનો સમાવેશ કરવામાં આવેલો છે. ગુજરાતના મુખ્યમંત્રી ઉપરાંત ઉત્તરપ્રદેશ, હરિયાણા અને ગોવા રાજયોના મુખ્યમંત્રીઓ પણ આ પ્રવાસમાં જોડાશે.

વિજયભાઈ રૂપાણી આ પ્રવાસમાં સહભાગી થવા માટે શનિવારે તા.૧૦ ઓગસ્ટે મોડી રાત્રે રવાના થવાના છે.



શેઠ સી.એમ. શાળા દ્વારા IQACનું નિદર્શન સંસ્થાના હોદ્દેદારો, વાલીગણ અને શિક્ષણકગણ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. શાળાના પ્રિન્સિપાલ ચેતના બૂચ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. પ્રેઝન્ટેશનમાં શાળાની સમગ્ર વર્ષ દરમિયાન થયેલી પ્રવૃત્તિઓ વિશે અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો તથા ઉપસ્થિત વાલીઓના પ્રશ્નોના ઉત્તર આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં પીપીટીનું પ્રદર્શન વી.એમ. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું અને શાળાના શિક્ષકગણ બી.એ. પટેલ, મુકેશભાઈ પટેલ, કનુભાઈ પટેલ, મહેશભાઈ ખોરસ્મા, શારદાબેન ચોથાણી, પંકજ શુકલ, સુનિલભાઈ દવે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.



જલારામ મહિલા મંડળ દ્વારા જલારામ મંદિર સે. ૨૯ ખાતે ભાવનાબેન ગોકલાણીનો આનંદનો ગરબો યોજાયો હતો. જેમાં શહેર અને સમાજની બહેનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

ઉત્તર ગુજરાતમાં બીલ્ડર્સ, એન્જીનીયર્સ, કોન્ટ્રાક્ટર્સ, ગર્વ. કોન્ટ્રાક્ટર્સ, RMC પ્લાન્ટ પ્રિકાસ્ટ ટાઈલ્સ ઉદ્યોગ, તેમજ ૧૧૬ કાઉન્ટર સાથે વિશાળ નેટવર્ક ધરાવતી ફર્મ




કૈલાસ ટ્રેડર્સ -ગાંધીનગર
દર્શન- ૯૯૯૮૪ ૭૩૨૦૦ | નીતેષ - ૯૮૯૮૭ ૬૧૮૪૫
હાર્દિક - ૯૦૩૩૮ ૨૩૭૦૫ | નીલાક્ષ - ૮૧૪૦૦ ૨૫૬૩૫

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ